**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૯/૫/૨૦૧૭ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૧૧૧૯/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૧૨૦ લીટર દેશી દારૂ, ૭૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૩૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૦૭ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૨૦/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૨૧/૧૭</u>

**સાબરમતી :** સુનહરીલાલ રામબાબુ શર્મા(ઉ.વ.૬૩)(રહે,સ્વતીકપાર્ક સોસાયટી, ઉમાભવાનીની બાજુમાં ત્રાગડ ગામ સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૫/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૨૬/૫/૧૭ બપોરના ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાની બાજુમાં આવેલ બારીના લોખંડના સળીયા કોઇસાધન વડે કાઢી નાંખી, અજાણી વ્યક્તિ બારી વાટે મકાનમાં પ્રવેશ કરી, તીજોરી તથા લાકડાના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડા રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૫૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ભીલ ચલાવે છે.

**રામોલ :** અરવિંદભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (ઉ.વ.૫૯)(રહે,આલોક ટેનામેંટ વિભાગ-૧ તક્ષશીલા રોડ કર્ણાવતી મેગા મોલ પાસે વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૫/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૨૮/૫/૧૭ ના કલાક ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી રોકડા રૂપિયા ૩,૫૨,૦૦૦/- તથા સોના-ચાંદીનાં દાગીના મળી કુલ રૂપિયા ૩,૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એ.જાદવ ચલાવે છે.

**વસ્ત્રાપુર :** સંતોષકુમાર ગોરખનાથ રાય (ઉ.વ.૪૨)(રહે,પલક એવન્યુ અમુલગાર્ડનની સામે વસ્ત્રાપુર) એ તા.૨૭/૫/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૫/૧૭ સાંજના ૬/30 થી તા.૨૪/૫/૧૭ રાતના ૧૦/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનો મુખ્ય દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, મકાનમાંથી સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૪૭,000/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.વાણિયા ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૧૨૨/૧૭**

**સાબરમતી :** ગીતાબેન કાંતીભાઇ ઠાકોર (ઉ.વ.૪૦)(રહે,રામજીભાઇની ચાલી, ચીમનબ્રીજની નીચે કેશવનગર સાબરમતી) એ તા.૨૮/૫/૧૭ નાં રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૫/૧૭ સાંજનાં ૫/30 વાગ્યાના સુમારે સાબરમતી રામનગર પુખરાજ હોસ્પીટલની સામેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ગીતાબેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૩૦,000/- ખેંચી તોડી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ઉદેસિંહ ગુમાનસિંહ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૩/૧૭**

**વાડજ :** બિપિનભાઈ લક્ષ્મીચંદ પટેલ (ઉ.વ.૪૮)(રહે,અનુસ્યા બંગલો સાયન્સ સીટી) એ તા.30/૪/૧૭ રાતના ૧૦/30 વાગ્યાનાં સુમારે દેવસ્ય હોસ્પીટલ કમ્પાઉન્ડ સામે પોતાની હ્યુન્ડાઈ આઈ-૨૦ કાર નંબર જીજે.૦૧.આર.એન.૫૮૮૬ કિંમત રૂપિયા ૧,૫૦,000/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧/૫/૧૭ સવારનાં ૬/00 વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ બિપીનભાઇ પટેલે તા.૨૮/૫/૧૭ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.બુંબડીયા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:** **સમાચાર યાદી નં.૧૧૨૪/૧૭**

**નરોડા :** નિલેશ કાળુજી બુનકર (ઉ.વ.૨૧)(રહે,દાદીસા હોટલમાં, રણાસણ ટોલટેક્ષની બાજુમા મુઠીયાગામ નરોડા)એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૫/૧૭ નાં કલાક ૧૦/30 વાગ્યાના સુમારે નરોડા સરદાર પાર્ટી પ્લોટની સામે પોતાની બુલેટ પાછળ પુષ્કરસિંગ રાણા (ઉ.વ.૨૪)ને બેસાડી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન ટ્રક નંબર આર.જે.૨૭.જી.૬૩૭૭ નાં ચાલકે પોતાના કબજાની ટ્રક પુરઝડપે બેદરકારી ગફલતભરીતે ચલાવી લાવી, નિલેશભાઇની બુલેટને પાછળથી ટક્કર મારતાં, પુષ્કરસિંગ રાણાનું ઘટના સ્થળે મૃત્યુ નિપજ્યુ હતુ આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.યાદવ ચલાવે છે.

**આત્મહત્યાઃ** **સમાચાર યાદી નં.૧૧૨૫/૧૭**

**રિવરફ્રન્ટ ઇસ્ટઃ** ઉમેશ ઉર્ફે લલીત હરીભાઇ ગોહિલ (ઉ.વ.૨૩)(રહે,સુભાષનગર સોહરાજી કમ્પાઉન્ડ ની બાજુમા જુનાવાડજ) એ અગમ્ય કારણસર તા.૨૭/૫/૧૭ રાતનાં ૧૦/૨૫ વાગ્ય પહેલા કોઇપણ સમયે દધીચીબ્રીજ નીચે સાબરમતી નદીમાં પડી આત્મહત્યા કરી હતી આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોતીભાઇ તળજાભાઇ ચલાવે છે.

**રિવરફ્રન્ટ વેસ્ટઃ** સંદીપ અમીતકુમાર વર્મા (ઉ.વ.૨૫)(રહે,વિભાગ-૩ આત્મારામ પાર્ક ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૮/૫/૧૭ નાં કલાક ૬/૨૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે રિવરફ્રન્ટ પશ્ચીમ તરફના છેડે ઇવેન્ટ સેંટર પાછળ સાબરમતી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મસઇ.શ્રી વિનાયક લક્ષ્મણ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.